RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 85 Date: 16.01.2024 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# દહેગામના લીહોડા ગામે વધુ પડતા દારૂ સેવન અને અન્ય બીમારીના લીધે બેના મોત, ત્રણની સ્થિતિ ગંભીર



ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં ફરી એકવાર દેશી દારૂએ લોકોના જીવ લીધા છે. ગાંધીનગરના દહેગામ તાલુકામાં દારૂ સેવન અને અન્ય બીમારીના લીધે મોત થયા છે. તો કુલ સાત લોકોને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા છે. જે પૈકી ત્રણ લોકોની હાલત ગંભીર હોવાની માહિતી સામે આવી છે. દહેગામ તાલુકાના લીહોડા ગામમાં આ ઘટના બની હોવાનું સામે આવ્યુ છે.

ઘટના કઈક એવી છે કે ઉત્તરાયણના પર્વની મોડી રાત્રે દહેગામ તાલુકાના લીહોડા ગામમાં બે લોકોના મોત અને અન્ય અસરગ્રસ્ત ૭ લોકો પૈકી ત્રણ લોકોની તબીયત અચાનક લથડી હોવાનું સામે આવ્યુ હતુ.આ ઘટનામાં દેશી દારુ પીધા બાદ અને અન્ય બીમારીના કારણે બે લોકોના મોત થયા હોવાનું સામે આવ્યુ છે. અન્ય ત્રણ લોકોની પણ દારુ પીધા બાદ તબીયત બગડી હોવાનું સામે આવ્યુ છે.

મૃતકોના નામ કાનાજી ઉમેદજી ઝાલા, ૩૫વર્ષ,વિક્રમસિંહ રગતસિંહ ઝાલા, ૩૫વર્ષ, સારવાર લઇ રહેલા અસરગ્રસ્તના નામ,બળવત સિંહ ઝાલા, ૪૦વર્ષ, રાજુ સિંહ ઝાલા, ૪૦વર્ષ,કાલાજી મોતીજી ઠાકોર , ૪૨વર્ષ,ચેહરજી ગગાજી ઝાલા, ૭૦વર્ષ, મગરસિંહ ઝાલા, ૪૨વર્ષ, વિનોદ ઠાકોર, ૪૫ વર્ષ,વિક્રમ પ્રતાપસિંહ

ઘટના બનતા જ હાલમાં ૧૦૮ એમ્બ્યુલન્સને લીહોડા ગામમાં સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.ત્રણ લોકોની હાલત ગંભીર હોવાની માહિતી મળતા તેમના સારવાર અર્થે ખસેડાયા છે.આ સમગ્ર બનાવની જાણ રખિયાલ પોલીસને કરવામાં આવી હતી.જે પછી રખિયાલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.જે પછી દારુના અડ્ડા અને દારુ વેચનારાઓની શોધખોળ શરુ કરી હતી.પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે, ભૂખ્યા પેટે વધુ પડતો દારૂ પીવાથી મૃત્યુ થયું હોય છે.એફએસએલ રિપોર્ટમાં ઈથેનોલનું પ્રમાણ ૨૨.૬% હોવાનું સામે આવ્યું છે. સાથે જ રિપોર્ટમાં મિથેનોલનું પ્રમાણ ૦ ટકા હોવાનું સામે આવ્યું...મૃતકનું લિવર ડેમેજ હોવાનો ખુલાસો થયો છે.

ગઈકાલે મોડી રાતે બનાવ બન્યો હતો. લઠ્ઠાકાંડ થયો હોય તેવી આશંકા જોવા મળી રહી છે. જેથી પોલીસ દોડતી થઈ છે. ગામમાં કોઈ બીમાર હોય તેને હોસ્પિટલ ખસેડવાની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી હાલ તપાસ શરૂ કરી છે. નાનકડા ગામમાં હાહાકાર મચી ગયો છે. રખિયાલ પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા ખાનગી રાહે બુટલેગરોની તપાસ શરૂ કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના લીહોડા ગામે શંકાસ્પદ ઝેરી પીણું પીતા બે લોકોના મોત બાદ લીહોડા ગામમાં ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવાનો સરપંચે ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. જેમાં સરપંચે લીહોડા ગામમાં ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવાનો આક્ષેપ કર્યો છે. લીહોડા ગામમાં ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવાનો સરપંચે આક્ષેપ કર્યો છે. વિગતો મુજબ લીહોડા ગામના સરપંચ માનસિંહ ઝાલાએ પોલીસ પર આક્ષેપ કરતાં કહ્યું છે કે, બીટ જમાદાર ખુલ્લેઆમ હપ્તા લેતા હોય છે. આ સાથે કહ્યું કે, અનેક વખત રજૂઆત કરી છતા કોઈ કાર્યવાહી થઈ નથી. આ સાથે વર્ષો વિત્યા છતા બીટ જમાદારની બદલી પણ થઈ ન હોવાનું પણ સરપંચે જણાવ્યું છે. -સમગ્ર ઘટના મામલે એસપીએ નિવેદન આપતા કહ્યું છે કે, દહેગામના લીહોડા ગામમાં ઝેરી દારૂ પીવાથી ૨ લોકોના મોત થયા છે. જેમાં ૨ સેમ્પલમાં એફએસએલને મિથાઈલ એલ્કોહોલ મળ્યું નથી અને ફર્ધર રિપોર્ટ માટે અન્ય લોકોના સેમ્પલ મોકલાયા છે. આ સાથે તેમણે કહ્યું કે, ખાલી પેટમાં દારૂ પીવાથી હાઈપોગ્લોસેમિયાનું કારણ હોઈ શકે છે. એસપી એ કહ્યું કે, પોલીસે ૪ કેસ દાખલ કરીને કાર્યવાહી કરી છે. આ સાથે જો સ્થાનિક પીઆઈની ભૂલ જણાશે તો પગલા લેવાશે.

## બસપા ન તો ઈન્ડિયા ગઠબંધનમાં જશે ન તો એનડીએ ગઠબંધનમાં,માયાવતી

લખનૌ,તા.૧૫

બસપા અધ્યક્ષ માયાવતીએ આજે પોતાના જન્મદિવસે લખનઉમાં એક પ્રેસ કોન્ફ્રેન્સને સંબોધીત કરતા સમાજવાદી પાર્ટીની સાથે સાથે બીજેપી પર પણ નિશાન સાધ્યું હતું. એટલું જ નહીં પરંતુ આ દરમિયાન માયાવતીએ ઈવીએમ અને ઈન્ડિયા બ્લોકનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ સાથે માયાવતીએ એલાન કર્યું કે, તેમની પાર્ટી બસપા આખા દેશમાં પોતાના એકલા જ લોકસભાની ચૂંટણી લડશે.

આ સાથે ગઠબંધનનો ઉલ્લેખ કરતા માયાવતીએ કહ્યું કે, 'ગઠબંધન કરવાથી પાર્ટીને ફાયદો ઓછો અને નુકસાન વધારે થતું હોય અને વોટ પણ ઘટી જતા હોય છે. જેથી બીજી પાર્ટીઓને ફાયદો થતો હોય છે. આ માટે મોટાભાગની પાર્ટીઓ બીએસપી સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડવા માંગે છે. અમે એકલા ચૂંટણી લડીએ છીએ કારણ કે તેનું સર્વોચ્ચ નેતૃત્વ દલિતના હાથમાં છે. ગઠબંધન કરવાથી બસપાનો આખા વોટ ગઠબંધન કરનાર પાર્ટીમાં જાય છે જ્યારે તેમના વોટ ખાસ કરીને ઉચ્ચ જાતિના વોટ બસપાને મળતા જ નથી'

માયાવતીએ કહ્યું કે, અમે ચાર વખતની સરકારમાં તમામ વર્ગો માટે કામ કર્યું છે, જેમાં લઘુમતી, ગરીબ, મુસ્લિ, ખેડૂત અને મજૂરી કરતા લોકો માટે જનકલ્યાણકારી યોજનાઓ પણ શરૂ કરી હતી. વર્તમાન સરકારો નામ અને સ્વરૂપો બદલીને એ યોજનાઓને પોતાને નામે કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ જાતિવાદ હોવાથી આ કામ થઈ શક્યું નથી. સરકાર રોજગાર આપવાને બદલે ફ્રીમાં રાશન આપીને તમને પોતાના તરફ આકર્ષિત કરી રહી છે જ્યારે અમારી સરકાર વખતે અમે વર્તમાન સરકારોની જેમ અમારા પોતાના આશ્રિતો બનાવ્યા ન હતા પરંતુ તેના બદલે સરકારી અને બિન-સરકારી ક્ષેત્રોમાં રોજગારના સાધનો પૂરા પાડ્યા હતા.

## અયોધ્યામાં ૭૦ દિવસ સુધી ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો ચાલશે

અયોધ્યા,તા.૧૫

પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ પહેલા અયોધ્યામાં ઘણા બધા સાંસ્કૃતિક કાર્યક્રમો થશે.આટલું જ નહીં, ૨૨ જાન્યુઆરીએ પ્રતિષ્ઠા કાર્યક્રમના દિવસે લગભગ ૧૦૦ ધર્મસ્થાનો પર સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકનૃત્ય થતા જોવા મળશે. આ સાથે જ આ ખાસ દિવસે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આમંત્રિત કરાયેલા લોકો જ ગ્રીન કોરિડોર દ્વારા દર્શન કરી શકશે. ૨૨ જાન્યુઆરી પછી મોટી સંખ્યામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે ક્યાં પાર્કિંગ હશે અને લોકો ક્યાં રોકાશે તે અંગે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ પહેલા પણ ૧૫ જાન્યુઆરીથી સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ થશે જે આગામી ૭૦ દિવસ સુધી સતત ચાલશે. ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી યજમાન તરીકે અયોધ્યામાં હશે અને તે દિવસે ૧૦૦ થી વધુ સ્થળોએ લોકનૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો થતા જોવા મળશે.

અયોધ્યાના ડીએમ નીતીશ કુમારે કહ્યું, '૨૨ તારીખ પહેલા અમે ૧૪ કે ૧૫ તારીખથી સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ કરીશું. આમાં, પાંચ કાયમી પ્લેટફોર્મ બનાવવામાં આવશે જે ૭૦ દિવસ સુધી ચાલશે અને ૧૦ મધ્યમ સ્તરના પ્લેટફોર્મ બનાવવામાં આવશે. ૨૨મી તારીખની વાત કરીએ તો તે દિવસે લોકકલા માટે ૧૦૦ સ્ટેજ બનાવવામાં આવશે. તે દિવસે અહીં લોક સંસ્કૃતિ પર આધારિત કાર્યક્રમો ચલાવવામાં આવશે, બાકીના કાર્યક્રમો લોક સાંસ્કૃતિક કાર્યક્રમો હશે અને રામલીલાનું મંચન થશે અને વ્યાપક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં દર્શનનો સમયગાળો ૨૩ જાન્યુઆરીથી લંબાવવામાં આવશે. વધુને વધુ લોકો દર્શન કરી શકે તે માટે બહારગામથી આવતા શ્રદ્ધાળુઓ માટે પાર્કિંગથી માંડીને તમામ વ્યવસ્થા કરવામાં આવશે, એટલું જ નહીં સુરક્ષાના દષ્ટિકોણથી ૧૮મી જાન્યુઆરીની રાત્રિથી જરુરીયાત સિવાયના મોટા વાહનોને પ્રવેશ આપવામાં આવશે નહીં. છ૨અર્દ્ધ૨અક્ક માં પાયાની સુવિધાઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

ડીએમ નીતિશ કુમારે કહ્યું, 'સૌથી મહત્વની વાત એ છે કે રામ મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલ મહેમાનોની યાદી અને જેઓને પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે તેઓ જ દર્શન કરી શકશે. અમે ૨૩ મીથી વ્યાપક વ્યવસ્થા કરી છે. ટ્રસ્ટ દ્વારા વાટાઘાટો કરવામાં આવી છે. દર્શનનો સમયગાળો લંબાવવામાં આવશે અને ટ્રસ્ટ સાથે વાટાઘાટો કરવામાં આવી છે અને વધુમાં વધુ દર્શન થાય તે માટે ટ્રસ્ટે સંમતિ દર્શાવી છે. ૨૨ મીએ અમે ગ્રીન કોરિડોર બનાવીશું અને અમારા મહેમાનો તે માર્ગ પરથી આવશે. અમે ઉડિયા નજીક ૩૫ એકરનું પાર્કિંગ બનાવી રહ્યા છીએ. ૧૪ અમે કોસી અને પંચકોસી પરિક્રમા માર્ગની બાજુમાં અમારી પાસે રહેલી જગ્યાનો પણ ઉપયોગ કરી શકીએ છીએ.

પ્રાણ પ્રતિષ્ઠાના બીજા દિવસથી એટલે કે ૨૩ મી જાન્યુઆરીથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના વાહનો પાર્ક કરવા માટે મલ્ટિલેયર પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે.તો સાથે જ વિશાળ વિસ્તારમાં પાર્કિંગની જગ્યા બનાવવામાં આવી રહી છે. જ્યારે આટલી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચશે.

## સાવરકુંડલા શહેરમાં કરૂણા અભિયાન અંતર્ગત જુનાગઢ વન વિભાગનાં સી. સી.એફ. આરાધના સાહુ મેડમ દ્વારા સાવરકુંડલા કંટ્રોલરૂમ ની મુલાકાત લેવાઈ




રાજ્યમાં ઉત્તરાયણનાં પર્વ પર ઘાયલ પશુ પક્ષીઓ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત સાવરકુંડલા શહેરમાં સી.સી.એફ. આરાધના સાહુ સાહેબ - જુનાગઢ તથા રાજદીપસિંહ ઝાલા સાહેબ ડી.સી.એફ - ધારી સાવરકુંડલા શહેરની મુલાકાત લઈ ઘાયલ થતા પક્ષીઓ માટે કંટ્રોલ રૂમની મુલાકાત લેવામાં આવી હતી તથા નોર્મલ રેન્જ સાવરકુંડલા તથા સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલા દ્વારા કરુણા અભિયાન અંતર્ગત સાવરકુંડલા તાલુકામાં ઘાયલ થતા પક્ષીઓ તેમજ ઉત્તરાયણ પર્વ પર દોરીથી થતા અકસ્માતોથી બચવા જનજાગૃતિ લાવવા માટે ૧૨૨-શાળાઓ ના બાળકોને પત્રિકાઓ દ્વારા માહિતી તેમજ યોગ્ય સમજણ આપવામાં આવી હતી.સાવરકુંડલા શહેર તથા તાલુકામાં પતંગનાં દોરાથી ઘવાયેલા પક્ષીઓને સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલા દ્વારા રેસક્યુ કરી વધુ સારવાર માટે વન વિભાગના કંટ્રોલ રૂમ સુધી પહોંચતા કરી સારવાર પૂરી પાડવામાં આવી હતી તેમજ પતંગનાં દોરાથી પશુ-પક્ષી તથા માનવીઓના અકસ્માતો અટકાવવા સાવરકુંડલા શહેરના તમામ માર્ગો ઉપર કરુણા અભિયાન અંતર્ગત કામગીરી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં વન વિભાગ નોર્મલ રેંજ - સા.કુંડલાનાં આર.એફ.ઓ. પી.એન.ચાંદુ તથા સાવરકુંડલા શહેર તથા તાલુકામાં છેલ્લાં ઘણાં વર્ષોથી પર્યાવરણ તેમજ વાઈલ્ડ લાઈફ બચાવવા કામ કરતી સહયોગી સંસ્થા વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલાનાં ૨૩-સ્વયંસેવક મિત્રો દ્વારા ૧૧-પક્ષીઓનાં જીવનો બચાવ કરવામાં આવ્યો હતો ગત વર્ષ ની સરખામણીમાં બાળકો તેમજ લોક જાગૃતિના કારણે આ વર્ષે ઘાયલ પક્ષીઓ નો દર ઓછો રહ્યો છે. ભવિષ્યમાં ઘાયલ પક્ષીઓની સંખ્યા માં નિલ આવે તેવા વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રયત્નો કરવામાં આવશે.

## નખત્રાણામાં નવદિવસિય સુંદર કાંડ પાઠ તેમજ હનુમાન ચાલીસા પાઠ યોજાઈ ગયો

મહેશ એલ સોની
નખત્રાણા

શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રી આશાપુરા મહિલા ગરબી મંડળ નખત્રાણા તેમજ આણંદસર (ભુજ) ના શ્રી શિવજી ભાઈ ચૌહાણના સહયોગ થી નખત્રાણા દેવકી નગર મધ્યે નવ દિવસીય સુંદરકાંડ પાઠ વાંચન તેમજ હનુમાન ચાલીસાપાઠ નો સરસ મજાનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં નખત્રાણા નગરના ધર્મપ્રેમી ભાઈઓ તેમજ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા આ અંગે વધુ માહિતી આપતા નખત્રાણા આશાપુરા મહિલા ગરબી મંડળના પ્રિન્સી કટ્ટાએ જણાવ્યું હતું કે આ મંડળ માત્ર નવરાત્રી પુરતું સિમિત નથી



પણ વિવિધ ધાર્મિક તેમજ સેવાકીય કાર્યો પણ આ મંડળ દ્વારા કરવામાં આવે છે જે અંતર્ગત આવતી ૨૨ મી જાન્યુ. ના રોજ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે તેની ઉજવણી ભાગ રૂપે તારીખ ૨૨ મીના રોજ નખત્રાણા ખાતે પણ ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ આશાપુરા મહિલા ગરબી મંડળ દ્વારા યોજવામાં આવશે જેમાં ૧૦૦૮ દીવડાની મહાઆરતી તેમજ રંગોળી સહિતના કાર્યક્રમો યોજાશે આ કાર્યક્રમમાં સોની સમાજ મહિલા મંડળ, દરજી સમાજ મહિલા મંડળ, બ્રહ્મ સમાજ મહિલા મંડળ, ગોસ્વામી સમાજ મહિલા મંડળ, મણીનગર સેવા ભાવી ગ્રુપની બહેનો પણ સહયોગી રહેશે.

**તંત્રી લેખ......**

# પુંછ - રાજોરીમાં વિકાસથી પાકિસ્તાન ખુશ નથી

સેનાના ઉત્તરી કમાન્ડના ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે પાડોશી દેશ પાકિસ્તાને પૂંચ-રાજોરી વિસ્તારમાં આતંકવાદી હુમલા કર્યા છે. કારણ કે તેઓ અહીં ચાલી રહેલા વિકાસ કાર્યોથી નારાજ છે. પુંછ-રાજોરી ક્ષેત્રના લોકોના જીવનમાં સમૃદ્ધિ અને સુધારો આવ્યો છે. રોકાણ આવી રહ્યું છે અને લોકોને રોજગારી મળી રહી છે. જેના કારણે પાકિસ્તાનમાં બેચેની જોવા મળી રહી છે.

આપણા પાડોશી દેશને આ શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ પસંદ નથી. તેથી તેઓ વિસ્તારમાં આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે પરંતુ અમે જવાબી કાર્યવાહી શરૂ કરી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેઓ આવનારા દિવસોમાં ઉગ્રવાદી ગતિવિધિઓ પર અંકુશ લગાવશે.

લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ કહ્યું કે આ વિસ્તારમાં પોલીસ, સેના અને સ્થાનિક લોકો વચ્ચે તાલમેલ સુધારવાની જરૂર છે. તેમણે કહ્યું, 'પોલીસ સ્ટેશનની સંખ્યામાં વધારો કરવામાં આવી રહ્યો છે, અને અમે કેટલાક ફેરફારો પણ કરી રહ્યા છીએ. આ અમને પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં મદદ કરશે.

આર્મી કમાન્ડરે કહ્યું કે ૨૦૨૩ને શૂન્ય ઘૂસણખોરીનું વર્ષ જાહેર કરવામાં આવ્યું છે કારણ કે નિયંત્રણ રેખા દ્વારા કોઈ આતંકવાદી આવી શક્યા નથી. તેમણે કહ્યું, 'જો તમે ગયા વર્ષે જુઓ તો માર્યા ગયેલા ૨૧ આતંકવાદીઓ સ્થાનિક હતા, બાકીના ૫૫ વિદેશી હતા. ૨૦૨૨માં ૧૨૧ આતંકવાદીઓની ભરતી થઈ હતી પરંતુ ૨૦૨૩માં માત્ર ૧૯ હતી.

તેમણે કહ્યું કે કલમ ૩૭૦ હટાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં ઘણા સકારાત્મક ફેરફારો થયા છે. છેલ્લા ચાર વર્ષમાં ઘણા ફેરફારો થયા છે. અને તમામ ફેરફારો સારા માટે જ થયા છે, પછી તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ હોય, પ્રવાસીઓનું આગમન હોય કે બહારનું રોકાણ હોય. એકંદરે, તે જનતા માટે સારું છે અને જમ્મુ કાશ્મીર રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.લદ્દાખ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પરની પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા, તેણે રવિવારે કહ્યું કે ઉત્તરીય સરહદ સ્થિર છે પરંતુ 'સામાન્ય નથી'. ઉત્તરી કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું કે પૂર્વી લદ્દાખના સાત ઘર્ષણ બિંદુઓમાંથી પાંચ, જ્યાં ભારતીય સેના અને ચીની પીએલએ મે ૨૦૨૦ થી સ્ટેન્ડઓફમાં છે, તે ઉકેલાઈ ગયા છે. બાકીના વિસ્તારો માટે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે કહ્યું, 'ઉત્તરી સરહદી વિસ્તાર સ્થિર છે પરંતુ તે સામાન્ય નથી અથવા હું કહી શકું કે તે સંવેદનશીલ છે. 'તેઓ સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ કાર્યક્રમમાં ભાગ લેવા શ્રીનગરમાં હતા. આર્મ્ડ ફોર્સ વેટરન્સ ડે દર વર્ષે ૧૪ જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. આ દિવસે ૧૯૫૩માં ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર-ઈન-ચીફ ફિલ્ડ માર્શલ કેએમ કરિયપ્પાએ ઔપચારિક રીતે સેવામાંથી નિવૃત્તિ લીધી હતી.

# રાજ્યના સૌથી મોટા 'પક્ષી બચાઓ અભિયાન' અંતર્ગત ૩૬૭ થી વધુ પક્ષીઓને મળ્યું જીવનદાન



શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન સંચાલીત કરૂણા અભિયાન—૨૦૨૪ અંતર્ગત રાજયના સૌથી મોટા ×પક્ષી બચાવો કંટ્રોલ રૂમ× ને ગઈકાલે કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાએ ખુલ્લો મૂકયા બાદ આજે ઉતરાણ ના દિવસે સવારથી સાંજ સુધી ૩૬૭ થી વધારે પતંગ દોરીથી ઘવાયેલા પક્ષીઓને સારવાર આપી જીવનદાન આપી શકાયું હતું.જેમાં કુંજ -૧ , કલકલિયો -૧, અને હોલો -૧ તેમજ ૩૬૪ કબૂતરોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય રહેશે કે રાજયભરમાં ઉતરાયણનાં તહેવાર દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબંધ બનાવો બનતા હોય છે. આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજકોટનાં ત્રિકોણબાગ ચોક, ખાતે રાજયનો સૌથી મોટો કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે , આ કંટ્રોલરૂમનું ગઈકાલે તા.૧૩ મી કેન્દ્રીય પશુપાલન , મત્સ્યપાલન અને ડેરી મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું, કંટ્રોલ રૂમને ખુલ્લો મૂકવામાં આવ્યા બાદ શ્રી રૂપાલાએ દરેક વિભાગની મુલાકાત લઈ તમામ સુવિધાઓ વિષે મિતલભાઈ ખેતાણી અને પ્રતિક સંઘાણી પાસેથી માહિતી મેળવી માર્ગદર્શન પણ આપ્યું હતું અને તબીબોની ટીમને અનન્ય સેવા બદલ બિરદાવી હતી .

રાજય સરકાર દ્વારા જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી તથા વનમંત્રી મુળુભાઈ બેરા, પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શનમાં આ 'કરુણા અભિયાન' શરૂ કરાયું છે. મકર સંક્રાંતીએ પતંગનાં દોરાથી ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે 'કરુણા અભિયાન ૨૦૨૪ અંતર્ગત કંટ્રોલ રૂમનો રાજકોટનાં જીવદયા પ્રેમી કલેક્ટર પ્રભવ જોષીનાં માર્ગદર્શનમાં રાજકોટનાં ત્રિકોણબાગ ચોક, ખાતે રાજયનો સૌથી મોટો કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. આ કંટ્રોલરૂમ આવતીકાલે સાંજ સુધી કાર્યરત રહેશે .

રાજ્યના પશુપાલન વિભાગના મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને સશકિતકરણ તથા મહિલા અને બાળ કલ્યાણનાં કેબીનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી , ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા,રાજકોટ મનપા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર, ગૌ પ્રેમી અને ગૌ સેવા આયોગના પૂર્વ અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરીયા,જીવદયા પ્રેમી ચંદ્રકાંતભાઈ શેઠ ,વિજયભાઇ ડોબરિયા,ઉપેનભાઈ મોદી,જગદીશભાઇ ભીમાણી ,વિરાભાઈ હુંબલ ,અનિલભાઈ ચોવટીયા ,ચેતનભાઈ મોદી, રશ્મિકાંતભાઈ મોદી ,નરોત્તમભાઇ પોપટ પરિવાર, હરિશભાઈ ચલંડન તથા પરિવાર ,અરવિંદભાઇ તન્ના , ભાવિકભાઈ શાહ , વિનિતભાઈ વસા , મેહુલભાઈ દામાણી , સેજલભાઈ કોઠારી , મનોજભાઇ ડેલીવાળા , રાકેશભાઈ ડેલીવાળા , એડવોકેટ જિગ્નેશભાઈ શાહ , નિલેશભાઈ દેસાઇ , અનિલભાઈ દેસાઇ અને ડો . દિનેશભાઇ ચોવટીયા સહિત અનેક જૈન શ્રેષ્ઠીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તમામ મહાનુભવોએ ડોકટરોની ટીમને ખૂબ જ પ્રોત્સાહન આપી પક્ષી સારવારનું જાત નિરીક્ષણ કરી જીવદયાના આ કાર્યને બિરદાવ્યું હતું.


શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન સંચાલીત કરૂણા અભિયાનમાં રાષ્ટ્રસંત નમ્રમૂનિ મહારાજ સાહેબની પ્રેરણા અને આર્શીવાદ પ્રાપ્ત થયા છે તથા સમસ્ત મહાજન, અર્હમ યુવા સેવા ગ્રુપ, જૈન સોશ્યલ ગ્રુપનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે.

'કરૂણા અભિયાન'માં જુનાગઢ વેટરનરી કોલેજ તથા આણંદ વેટરનરી કોલેજના ડો. ટાંક સાહેબ, ડો. ભટ્ટ સાહેબ, ડો. પરીખ સાહેબ, ડો. ગર્ગ સાહેબના નેતૃત્વમા નિષ્ણાંત તબીબો, શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટનાં ડો.નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવિ માલવીયા, ડો. અરૂણ ઘીયાડ, ડો. અરવિંદ ગડારા, ડો. હિરેન વીસાણી, ડો. રાજીવ સીહા તથા જુનાગઢના ડો.હાર્દિક એ. રોકડ, ડો.ક્રિના ડી.પટેલ, ડો.ધ્રુવ સરડવા, ડો. હર્ષદ દવે, ડો.ભાર્ગવી કનેરીયા, ડો.રાયશુદીન બાદી, ડો.જાગૃતિ પરમાર, ડો. રૂચિર પ્રણામી, ડૉ.યશ દેવમુરારી, ડો.ધ્રુવ વાઢેર તથા આનંદના ડો. અભિષેક કલાધરન (ઈન્ટર્ન), ડો. મિતેશ ચૌધરી (ઈન્ટર્ન), ડો. હેમંત પવાર (ઈન્ટર્ન), ડૉ. આનંદસૂક્યા (ઈન્ટર્ન), ડો. રોનક રાણા (ઈન્ટર્ન), ડો. તક્ષ પટેલ (ઈન્ટર્ન), ડો. દિશાંત પરમાર (ઈન્ટર્ન), ડો. હિમાની પંચાલ ઈન્ટર્ન), ડો.હેલી પટેલ, ડૉ.આરતી રાઠવા સાથી ટીમનાં ૪૦ તબીબો પોતાની સેવા આપી રહયાં છે.

ઉદઘાટન વેળાએ એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી,મનીષભાઈ ભટ્ટ , માધવભાઈ દવે . ગૌરાંગભાઈ ઠક્કર, રમેશભાઈ ઠક્કર,ધીરેન્દ્રભાઈ કાનાબાર,ઘનશ્યામભાઈ ઠક્કર,રજનીભાઈ પટેલ, સેતુરભાઈ દેસાઈ, યોગેશભાઈ પટેલ , અજીતભાઈ ભીમજિયાણી વિગેરેએ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાનું અભિવાદન કર્યું હતું .

'કરૂણા અભિયાન ૨૦૨૪' અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો: ૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) તથા એનીમલ હેલ્પલાઇન (મો-૯૮૯૮૦૧૯૦૫૯/ ૯૮૯૮૪૯૯૯૫૪) નો સંપર્ક કરવો.

# દુઃખદ :- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના બહેનનું દુઃખદ અવસાન,



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજના તમામ કાર્યક્રમને રદ કર્યા,અમિત શાહના બહેન છેલ્લા ઘણા સમયથી સારવાર હેઠળ હતાં ,કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના બહેન રાજેશ્વરીબેન પ્રદીપભાઈ શાહનું સારવાર દરમિયાન દુઃખદ અવસાન,અમદાવાદની કેડી હોસ્પિટલમાં તેમની છેલ્લા ઘણા સમયથી સારવાર ચાલતી હતી,અમિત શાહની બહેનનું આકસ્મિક દુઃખદ અવસાન થતા આજના તમામ કાર્યક્રમને રદ કરવામાં આવ્યા,અમિત શાહનો બનાસકાંઠા અને રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં કાર્યક્રમ હતો તે પણ રદ કરવામાં આવ્યો છે.

# આજનો મૉર્નિંગ મંત્ર

**ઈ. સ. ૧૯૪૯નો ૨૨ નવેમ્બરનો દિવસ પૂરો થયો. ૨૩ નવેમ્બરની સવાર પડી ત્યારે અયોધ્યા (જિ. ફૈઝાબાદ)ના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મિ. નાયરને કોઈએ માહિતી આપી, 'સર, મધરાતે બાબરી મસ્જિદ કહેવાતા ઢાંચાના વચલા ગુંબજ નીચે અજાણ્યા માણસો ભગવાન શ્રીરામની મૂર્તિ મૂકી ગયા છે.'**

**મિ. કે. કે. નાયર કેરાલાના હતા. આ તેજસ્વી યુવાન ૨૧મા વર્ષે આઈ. એ. એસ. બન્યા હતા. એમણે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે આખા અયોધ્યામાં સ્વયંભૂ શ્રીરામની મૂર્તિ પ્રગટ થયાની વાત ફેલાઈ ગઈ હતી. હિંદુઓએ પૂજા, આરતી શરૂ કરી દીધી હતી.**

**દેશના વડાપ્રધાન પદે નહેરુ હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી પદે ગોવિંદ વલ્લભ પંત હતા. ફરજના ભાગ રૂપે નાયરે મુખ્યમંત્રીને જાણ કરી. પંતે પ્રધાનમંત્રીને જાણ કરી. નહેરુ ઊકળી ઊઠ્યા. તેમણે પંતને આદેશ આપ્યો, 'વિના વિલંબે મૂર્તિઓને બહાર કઢાવો. બાય ઓર્ડર ઓફ પ્રાઈમ મિનિસ્ટર ઓફ ઈન્ડિયા.'**

**મુખ્યમંત્રીએ વ. પ્ર.નો આદેશ નાયરને પહોંચાડ્યો. નાયર હિંદુ ધર્મના પ્રખર સમર્થક હતા. એ જાણતા હતા કે નહેરુનો આદેશ નહીં માનવાથી શું પરિણામ આવી શકે છે? એમણે મનોમન ભગવાન શ્રીરામને પ્રાર્થના કરી, 'હું જાતે મારી કારકિર્દીનું કાસળ કાઢવા જઈ રહ્યો છું. હવે તું જ મારો સહારો છે.' એ પછી નાયરે મુખ્યમંત્રી પંતને જણાવી દીધું, 'મૂર્તિઓ નહીં હટે. બહુમતી હિંદુઓની આસ્થાનો સવાલ છે.'**

**આ વાતની જાણ થતા નહેરુ ક્રોધથી ભભૂકી ઊઠ્યા. તાત્કાલિક અસરથી નાયરને સસ્પેન્ડ કરી દીધા. જે સમયે 'ચાચા નહેરુ ઝિંદાબાદ'ના નારાઓ હિંદુસ્તાનની હવામાં ગુંજતા હતા, તે સમયે એક કેરાલિયન રામભક્તે ગજબની હિંમત દર્શાવી. બરતરફીના નિર્ણય સામે અદાલતમાં ગયા, મુકદ્દમો જિત્યા અને પુનઃ એ જ પદ પર નિયુક્ત થયા. ભગવાન રામને 'થેન્ક યૂ' કહીને તેમણે પદ પરથી રાજીનામું આપી દીધું. ત્યાં સુધીમાં હિંદુઓ મેદાનમાં ઊતરી ચૂક્યા હતા. મામલો અદાલતના આંગણે પહોંચી ગયો હતો. લાંબા જંગના મંડાણ થઈ ગયા હતા.**

**નાયરનું શું થયું? જાહેર જનતા એમને 'સાહેબ' કહીને બોલાવવા માંડી. નાયરસાહેબ જનસંઘમાં જોડાઈ ગયા. જનસંઘે એમને વિધાનસભાની ટિકિટ આપી. ઉત્તર પ્રદેશ નહેરુ અને કોંગ્રેસનો ગઢ હતો, જનસંઘીને ઊભા રહેવા જેટલી જમીન પણ મળતી ન હતી, તેવા કાળમાં કોંગ્રેસ વિરુદ્ધ ચૂંટણી લડવી એ આત્મહત્યા કરવા સમાન ગણાય. એમાં વળી, નાયર તો કેરાલાના હતા, પણ કોંગ્રેસની સાથે જો સરકારી 'નારાયણી' સેના હતી, તો નાયરના સમર્થનમાં સ્વયં નારાયણ હતા! પરિણામ જાહેર થયું, ત્યારે નહેરુ સ્તબ્ધ થઈ ગયા! યુ. પી.ની જનતાએ દક્ષિણ ભારતીય સાહેબને જિતાડી દીધા હતા.**

**રામ જેનો હાથ ઝાલે એને કઈ હદે તારે, એ જાણવું છે? એ પછીની લોકસભાની ચૂંટણીમાં જનસંઘે નાયરસાહેબનાં પત્નીને ટિકિટ આપી. તેઓ પણ જિત્યાં. પતિ વિધાનસભ્ય હોય અને પત્ની સાંસદ હોય એવું કેમ ચાલે? પછીની ચૂંટણીમાં પતિ-પત્ની બંને સાંસદ બન્યાં.**

**ભગવાન રામ હજી પણ મોટો ચમત્કાર દેખાડવાના હતા. જ્યાં રામસીતા ત્યાં હનુમાન. નાયરસાહેબના ડ્રાઈવરને વિધાનસભાની ટિકિટ મળી. તે પણ જીતી ગયા. આ બધું ત્યારે બન્યું, જ્યારે જનસંઘના ટોચના નેતાઓને ચૂંટણીમાં જીતવામાં તકલીફ પડતી હતી.**

**ભગવાન રામના અસ્તિત્વનો આ આડકતરો પુરાવો છે. જો રામની કૃપા ન હોત તો નોકરીમાંથી સસ્પેન્ડ થયેલા નાયરનું શું થયું હોત?**

**૨૨ જાન્યુઆરીએ રામલલા પુનઃ રાજગાદી પર બિરાજમાન થઈ રહ્યા છે, ત્યારે આત્મબલિદાન આપનારા સાત લાખ જેટલા હિંદુઓની સાથેસાથે પાયામાં પત્થર બનીને પુરાયેલા એને ભુલાયેલા નાયરસાહેબ જેવા ભડવીર યોદ્ધાઓને પણ યાદ કરીએ.**

**પ્રેમ સે બોલો, જોર સે બોલો, દિલ સે બોલો... જય શ્રીરામ!**

**- ?ૐ નમઃ શિવાય. તા. ૧૩/૧/૨૦૨૪ ડૉ. શરદ ઠાકર**

# યુનિવર્સિટીમાં આયોજિત પાંચ દિવસીય મન કી અયોધ્યા કાર્યક્રમ ફકત યુનિવર્સિટી નો નહિ પરંતુ સમગ્ર શહેરીજનોનો છે : કા. કુલપતિ

પાટણ તા. ૧૫

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નિયામક શારીરિક શિક્ષણ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા અયોધ્યા ખાતે આગામી તા. ૨૨ જાન્યુઆરી ના રોજ યોજાનાર ભગવાન શ્રી રામચંદ્ર ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના ઉપલક્ષ્યમાં પાંચ દિવસ મનકી અયોધ્યા થીમ આધારિત ભવ્ય કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યાં છે.જેમાં ગુજરાત ના નામાંકિત કલાકારો જય વસાવડા,



માયાભાઈ આહિર અને કિંજલ દવે સહિતનાઓ ની ઉપસ્થિત વચ્ચે વ્યાખ્યાન,કથામૃતમ,૧૦૮ કુંડી સમરસતા યજ્ઞ,મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના જીવન કર્તવ્યોને ઉજાગર કરતો લોક ડાયરો, ગીત-સંગીત ના વિવિધ કાર્યકમો નું આયોજન કરવામાં આવ્યુ હોવાનું કા.કુલપતિ ડો. રોહિત દેસાઈએ જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર ભારતમાં મર્યાદા પુરસોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજી ના અયોધ્યા સ્થિત મંદિર મા યોજાનાર પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ભવ્ય કાર્યક્રમો આયોજિત થઈ રહ્યા છે ત્યારે આ મહોત્સવ મા પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પણ સહભાગી બને તે માટે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી માં પણ મર્યાદા પુરષોતમ ભગવાન શ્રી રામચંદ્રજીના અયોધ્યા સ્થિત ઉજવાનાર ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને પાચ દિવસીય મન કી અયોધ્યા નું ભવ્ય આયોજન યુનિવર્સિટીના નિયામક શારીરિક શિક્ષણ, યુવા અને સંસ્કૃતિ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે.જેમાં મર્યાદા પુરસોત્તમ ભગવાન રામચંદ્રજીના જીવન આદર્શ ને વિધાર્થીઓ પોતાના જીવન માં ઉતારે તેવા ઉદેશ સાથે તા. ૧૮ થી ૨૨ જાન્યુઆરી દરમ્યાન વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૮,૧,૨૪ના રોજ પ્રથમ દિવસે રાત્રે ૮ વાગે કાજલ ઓઝા વૈધ ના મુખે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામના જીવન - કર્તવ્યોની શાબ્દિક પ્રસ્તુતિ કરાશે. બીજા દિવસે ૧૯.૧.૨૪ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે સુરેશચંદ્ર પંડયા શ્રી રામચરિત માનસના પ્રસંગોનું કથામૃતમ કરાવશે.જયારે ત્રીજા દિવસે ૨૦.૧.૨૪ ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી યુનિવર્સિટી માં ૧૦૮ કુંડી સમરસતા યજ્ઞકરવામાં આવશે .તો ચોથા દિવસે ૨૧.૧.૨૪ના રાત્રે નામાંકિત કલાકાર માયાભાઈ આહીર દ્વારા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જીવન - કર્તવ્યોને ઉજાગર કરતો ભવ્ય લોક ડાયરો યુનિવર્સિટી ના ફૂટબોલ ગ્રાઉન્ડ પર યોજાશે.

# નાનું કે મોટું તાળું ઘરવાળીનું મો લોક-બંધ કરી શકશે નહીં!!

મોટુમસ- કિંગ સાઈઝનું તાળું અને જમ્બો સાઈઝની ચાવીનું કટઆઉટ લઈને રાજુ રદી ગાતો ગાતો આવ્યો' તાલાચાબીમય સબ જગ જાવું કરહું પ્રણામ જોરૂ નિત જગ જાનુ?'મારા ઘરમાં પ્રવેશ કર્યો!!

"રાજુ. આજે વલર્ડ લોક ડે છે કે શું?" મેં પૂછયું.

"ગિરધરભાઈ. તાળાચાવી શું છે? મને તેના વિશે અનહદ કૂતુહલ છે?" રાજુએ શિષ્યાને પૂછયું.

"રાજુ. દેહ-ખોળિયા અને આત્માનો આધ્યાત્મિક સંબંધ છે તેવો તાળા અને કુંચીનો સંબંધ છે!! તાળું એ દેહ છે. ચાવી એ આત્મા છે. એ બંનેનું ઐક્ય થાય એટલે અંધકારના આવરણ-પડળો હટી જાય છે.!! જેમ આત્મા વિનાનો દેહ માટીનો લોંદો છે, એમ ચાવી વિનાનું તાળું એ વ્યર્થ ઉપક્રમ છે. ૧૯૭૨માં આવેલી વિકટોરિયા -૨૦૩ નામની ફિલ્મમાં અશોકકુમાર અને પ્રાણ આવી વ્યથા ગીત રૂપે વ્યક્ત કરે છે. ' દો બિચારે, બિના સહારે દેખો પુછ પુછ કર હારે બિન તાલે કી તાબી લેકર મારે મારે યે દિવાને' ચાવી સત્ય છે. તાળું બ્રહ્મ છે. ચાવી લટકા કરે તાળા પાસે!! જેવી હાલત છે" મેં તાળાચાવીકીય જ્ઞાન પીરસ્યું.

"ગિરધરભાઈ. મકાન પહેલાં બન્યા કે તાળા પહેલાં બન્યા તે પણ યક્ષ પ્રશ્ન છેં. ગુજરાતમાં તાળા માટે ખંભાત જાણીતું છે કોઈ સંસ્થાના કાયમી શટર પડી જાય એટલે ખંભાતી તાળા લાગી ગયા એવો વાક્ય પ્રયોગ પ્રયોજાય છે. ખંભાત તેલની પડી માટે પણ જાણીતું છે. જેમાં મોડેલની હસતી-રડતી તસ્વીર છપાતી હતી. રડતી તસ્વીરને ઉલ્ટાવો એટલે હસતી તસ્વીર મળે!! આપણે ત્યાં ઘોડો નાસી છૂટે પછી તબેલાને તાળું મારવાનો પ્રસ્થાપિત પરંપરા અને પ્રણાલિકાને અનુસરવામાં આવે છે.વિખ્યાત જાદુગર હુડીની પેટીમાં તાળાથી બંધ થઈ પેટી સમુર્દ્રમાં ફેંકવામાં આવતી હતી અને જાદુગર તેની અદ્ભૂત અને કરિશ્માઈ જાદુ કૌશલ્યના જોરે તાળા ખોલીને સહી સલામત બહાર આવતા હતા . પરંતુ અંતિમ જાદુ પ્રયોગમાં જાદુના કરતબ ન દેખાડી શકવાના કારણે અવસાન પામેલા હતા! આમ, કવિ કલાપીની કાવ્ય પંક્તિ જે પોષતું તે મારતું યથાર્થ પુરવાર થઇ હતી." રાજુએ તાળા ગાથા રજૂ કરી.

" રાજુ મહારાષ્ટ્રમાં શિંગણાપુર ખાતે શનિમહારાજનું ધામ છે. શનિદેવ એ ઉપરની જયુડિશિયરી છે. જે જાતકનો ન્યાય ખુલ્લી આંખે તોળે છે. તેમનો ન્યાય કષ્ટદાયક હશે પણ પક્ષપાતપૂર્ણ કદાપિ હોતો નથી. જ્યારે ન્યાયની દેવી આંખે લોભ, લાલચ, ભય, પ્રલોભન, શેહશરમની પટી બાંધી હોવાથી ન્યાય મજાક બની જાય છે. કરસનદાસ માણેકની કાવ્ય પંક્તિ મુજબ 'દેવડીએ દંડાય છે ચોર મુઠી જારનાને લાખોના લૂંટનારની મહેફિલો મંડાય છે' શિંગણાપુરમાં તમામ ઘરોના દરવાજા ખુલ્લા રહે છે. અહીં સાંકળચંદ તાળાચંદ કાયમી રજા પર રહે છે. પણ કોઈની મજાલ છે કે સોયની પણ ચોરી થાય." મેં કહ્યું.

"ગિરધરભાઈ. અલીગઢ શેના માટે જાણીતો છે?" રાજુએ પૂછયું.

"રાજુ. અલીગઢ બે બાબતે માટે જાણીતું છે. એક તો તાળા માટે અમે બીજું ઢંગધડા વગરના માણસ માટે. એટલે જ ઘણા લોકો કહે છે કે અલીગઢથી આવ્યો નથી." મેં કહ્યું.

"ગિરધરભાઈ. અલીગઢમાં વર્ષોથી તાળાનો ગૃહ ઉદ્યોગ ચાલે છે. નાના બે ઈંચથી માંડીને મોટા મોટા તાળા બનાવવામાં આવે છે.અહી વર્ષોથી તાળા બને છે. તાળા બનાવવાનો ગૃહઉદ્યોગ છે અહી તાળા ઉપરાંત જેલમાં કેદીઓ માટે વપરાતી હાથકડી પણ બનાવવામાં આવે છે અને અતિ આધુનિક તાળા પણ બનાવવામાં આવે છે. વર્ષોથી તાળા ઉદ્યોગ સાથે સંકળાયેલા સત્યપ્રકાશ શર્મા અને તેના પત્ની રૂક્ષ્મણી શર્મા સાથે તેમના સંતાનો તથા સગાપણ આ તાળુ બનાવવામાં મદદ કરી રહ્યા છે.વિશ્ર્વનું સૌથી મોટું તાળુ બનાવવાનું કામ હાથ ધર્યું છે. છ ફૂટથી વધુ પહોળુ અને બે ફૂટથી વધુ લાંબુ આ તાળા બન્યા બાદ તેનું વજન ૩૦૦ કિલો હશે તેને ખોલવા માટે પણ બે જણાની જરૂર પડશે !! ૬.૨ ફૂટ લાંબુ અને ૨.૯ ફૂટ પહોળુ તાળુ બનાવવા લોખંડ સાથે પિતળનો પણ મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. તાળુ બાવવા માટે એક લાખનો ખર્ચ થશે હાલ આ તાળાની કામગીરી ચાલી રહી છે. ૧૦ લીવરવાળા આ તાળામાં ૬૦ કિલો પિતળનો ઉપયોગ કરાયો છે. " રાજુએ કહ્યું.

" રાજુ લોક સાહિત્યમાં તાળાંને લાડ લડાવવામાં આવેલ નથી. જેમ કે "મેંદી તે વાવી માળવે અને રંગ ગયો ગુજરાત રે" કોઈ એમ કેમ ન ગાયું કે " તાળું તે વાસ્યું માળવે અને ચાવી ગઈ ગુજરાત રે" !! "હા મને હોલરડું બિવડાવે" ને બદલે કયાં ગાય છે કે " હા મન તાળલડું બિવરાવે " મે રાજુને કહ્યું.


"ગિરધરભાઈ.તમે બે સેન્ટિમીટર કે છ ફૂટનું તાળું બનાવો પણ બકબકસુંદરી-ઘરવાળીનું મોં લોક-બંધ નહીં કરી શકો!!!!"રાજુએ મૌલિક સંશોધન કર્યું .!!!!

ભરત વૈષ્ણવ

# ચાણસ્મા પંથકમાં રાયડાના પાકમાં મચ્છીનો ઉપદ્રવ વધ્યો. ખેડૂતો ચિંતિત

ભારત દેશને ખેતી પ્રધાન દેશ ગણવામાં આવે છે ત્યારે દેશમાં ગુજરાત રાજ્યમાં પણ મોટા ભાગના લોકો ખેતી પર પોતાનુ જીવન નિર્વાહ કરતા હોય છે ત્યારે ખેડૂતો દ્વારા શિયાળાની ઋતુમાં રવિપાક તરીકે એરંડા,અજમો, જીરું, સહિતના પાકોનું મોટા પ્રમાણમાં વાવેતર કરતા હોય છે પરંતુ પોક્ષણ ભાવ નહીં મળતા હવે ખેડૂતો રાયડા ના પાક તરફ વળ્યા હતા પરંતુ ચાલુ સાલે રાયડા ના પાક ઉપર મચ્છી નો ઉપદ્રવ વધ્યો હોવાથી ખેડૂતો ચિંતિત બન્યા છે તેમજ મોંઘા ભાવની દવાઓ લાવી છંટકાવ કરવો પડી રહ્યો છે

ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર મોટા ભાગના રાયડા નું વાવેતર કરવામાં આવ્યું છે ત્યારે ચાલુ સાલે પાટણ જિલ્લામાં ૨૯ હજાર હેક્ટરમાં રાયડાના પાકનું વાવેતર કરવામાં આવ્યું છે ત્યારે રાયડા ના પાક ઉપર મચ્છી નો ઉપદ્રવ વધ્યો હોવાથી ખેડૂતો દ્વારા મોંઘા ભાવની દવાઓ લાવી પોતાના પાકને બચાવવા માટે છંટકાવ કરી રહ્યા છે



આ બાબતે ખેડૂતો દ્વારા જણાવ્યું હતું કે અત્યારના સમયમાં રવી સીઝનમાં અમારા દ્વારા મોટા ભાગે રાયડા ના પાક નું વાવેતર કરવામાં આવ્યું છે પરંતુ વાતાવરણ ને કારણે રાયડાના પાકમાં મચ્છીનો ઉપદ્રવ વધ્યો હોવાથી મોંઘા ભાવની દવાઓ લાવી છંટકાવ કરવો પડી રહ્યો છે તેમજ રાયડા નો પાક ઓછા ખર્ચે તૈયાર થતો હોવાથી ખેડૂતો રાયડાના વાવેતર તરફ વધુ વળ્યા છે

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 0200**
વિષય : મકર સંક્રાંતિ (ઉત્તરાયણ)
શીર્ષક : મકર સંક્રાંતિ (ઉત્તરાયણ)
પ્રકાર : ગદ્ય - લેખ
નામ : નિશીથ બક્ષી "નિજાનંદ"

આશાના આભમાં
વિશ્વાસની પતંગ,
શ્રદ્ધાની દોર સાથે
ફલક પર ભરે ઉડાન.

આપણો વિષય છે, મકર સંક્રાંતિ(ઉત્તરાયણ). તો પહેલાં જોઈએ મકર સંક્રાંતિ એટલે શું.... સંક્રાંતિ એટલે ગમન કરવું.. ખાસ કરીને કોઈ વસ્તુ કે પદાર્થને વટાવીને આગળ જવાની ક્રિયા. મકર સંક્રાંતિ એટલે સૂર્યનો ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ. આ પ્રવેશ તા.૧૪ જાન્યુઆરી કે પછી ૧૫ જાન્યુઆરી (લિપ વર્ષમાં) ના દિવસે થાય છે. ભારત દેશમાં અને અન્ય દેશોમાં ઉત્તરાયણના તહેવારને મકર સંક્રાંતિ સાથે જોડી દેવામાં આવ્યો છે, પરંતુ ખરેખર ઉત્તરાયણ ડિસેમ્બર મહિનાની ૨૨ તારીખે થતું હોય છે.

ઉત્તરાયણ શબ્દ ઉત્તર + અયન બે શબ્દોથી બનેલો છે. અયન એટલે પ્રયાણ. સૂર્ય જ્યારથી ઉત્તર દિશા તરફ ખસવાનું શરુ કરે, તે દિવસ ઉત્તરાયણ. આ દિવસ અને સમયનું અન્ય રીતે પણ મહત્વ છે.

ગીતાના આઠમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા સૂર્ય ઉત્તરાયણના મહત્વનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. શ્રીકૃષ્ણ કહે છે, હે ભરતશ્રેષ્ઠ ! એવા લોકો જેમને બ્રહ્મનો બોધ થઈ ગયો હોય. અગ્નિમય જ્યોતિ દેવતાના પ્રભાવથી જ્યારે છ મહિના સૂર્ય ઉત્તરાયણ હોય છે, દિવસના પ્રકાશમાં પોતાનુ શરીર ત્યાગે છે, ફરીથી જન્મ લેવો પડતો નથી. આ જ કારણ છે કે સૂર્યના ઉત્તરાયણના મહત્વના કારણે ભીષ્મએ પોતાના પ્રાણ ત્યાગવા માટે ઉત્તરાયણના દિવસને પસંદ કર્યો હતો. છાંદોગ્ય ઉપનિષદમાં પણ સૂર્ય ઉત્તરાયણના મહત્વનું વર્ણન મળે છે.

ગુજરાતમાં તો ઉત્તરાયણ અથવા ઉતરાણનો તહેવાર આઠ દસ દિવસ પહેલાંથી જ શરુ થઈ જાય છે. ૧૩ થી ૧૫ જાન્યુઆરી તો આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. "કાઈપો છે" ના નાદ સાથે બાળગોપાળ અને મોટેરાંઓ પણ ધાબે ચડી ગીતો, ભૂંગળા વગાડીને આનંદ કરે છે. સંધ્યા ટાણે આતશબાજી અને ફટાકડાના ધૂમધડાકા સાથે ગરબા ને ડાન્સની રમઝટ બોલવાય છે. વળી આખો દિ ' તલ અને સિંગની ચીકી, બોર, શેરડી, કોરો નાસ્તો એ બધું તો ખરું જ. ખરેખર, ઉતરાણની ખરી મજા તો ગુજરાતમાં જ.

મકર સંક્રાંતિની સાથે કે એક દિવસ આગળ જ લોહરીનો તહેવાર આવે છે. લોહરી એ ભાંગડા સાથે નૃત્ય કરવાનો અને તાપ સેકવા સાથે આનંદ માણવાનો અને પાકની લણણીનો તહેવાર છે. આ તહેવાર પંજાબ, હરિયાણા અને હિમાચલ સહિત ઉત્તર ભારતમાં ધૂમધામથી ઉજવવામાં આવે છે. એ જ રીતે તામિલનાડુમાં મકર સંક્રાંતિને બીજે દિવસે, ૧૫ જાન્યુઆરીએ પોંગલ નામનો તહેવાર ઉજવવામાં આવે છે.

તો આ હતી, મકર સંક્રાંતિ(ઉત્તરાયણ) ની કહાણી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રૂર જીજી દ્રૂ.૦૦૫૯
વિષય: મકર સંક્રાંતિ
પ્રકાર: હાઈકૂ - અગીયાર
શીર્ષક: દિવસ આનંદ નો
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

ધવલ નભ
ભાસે અનેક રંગી ?
ઊડે પતંગ !

નાના મોટા સૌ
છે આનંદીત આજ ?
ઉતરાયણ !

શૂભ કાર્યોને
મળે લીલુ સિગ્નલ ?
ઉતરાયણ !

બાણ સંયાએ
સૂતા ઘાયલ ભિષ્મ
છૂટયા પ્રાણ ?

અબોલ જીવો
ફફડે આજ ભયે ?
ડર પતંગ !

અભય દાન
દેવા- છોડો પતંગ
ઉતરાયણે.

ઉતરાયણ
થી શુભકાર્યો શરુ
મંગલ દિન.

દાન ધર્મ નો
અદકેરો દિવસ ?
ઉતરાયણ.

આજ ગગને
કાપ્યાનો ગૂંજે નાદ ?
હોય પતંગ !

આકાશે ઊડે
પતંગ, પણ દોર
માનવ હાથ !

પ્યારે જીવોને
આપો અભયદાન
બંધ પતંગ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રૂર જીજી દ્રૂ:૧૫૩
વિષય: " મકરસંક્રાન્તિ" શીર્ષક:"જિંદગી નો પતંગ".
પ્રકાર - ગદ્ય શબ્દો : ૧૭૮ લેખકનું નામ: જિતેન્દ્ર શાહ.

મકરસંક્રાંતિ નવાં વર્ષ ની શરુઆત માં સૂર્ય નો મકર રાશી માં પ્રવેશ કરી ને નવો રાહ ચીંધે છે.તમારી જિંદગી નો પતંગ ઠુમકાં મારી મારી ને ચડાવવો પડે કે દોરી ને ઢીલ આપી ને ચડાવવો પડે તો સમજવું કે ક્યાંક તમારાં માં કે ક્યાંક સામે નાં પાત્ર માં કાંઈક ઓછું છે.અને જો સડસડાટ ચડી જાય તો સમજવું કે પરભવ નાં કરેલ પુણ્ય ને પ્રતાપે પ્રભું રુપી પવન તમારી સાથે છે.બચપન પહેલાં ની અને પચપન પછી ની જિંદગી કો'ક પર આધારીત હોય છે.આપણી જિંદગી ની હોડી નાં હલેસાં બીજાં નાં હાથ માં હોય છે અને તેને જે દિશા માં હોડી લઈ જવી હોય તે દિશા માં તમારે જવું પડે છે. કદાચ તમારે તે દિશા માં ન પણ જવું હોય.જિંદગી ને મનગમતાં પડાવ પર લઈ જવો હોય તો સમાજ માં એવી વ્યકિતઓ ને અનુસરો કે જે તમને અનુકુળ આવે તેવી જિંદગી જીવવાં માં મદદરુપ થાય.પ્રભું એ તમને જેની સાથે સાંકળ્યાં છે તેમને હર પડાવ અને હર મુશ્કિલ માં મદદરુપ થાઓ અને હર ખુશી માં સાથે રહો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રૂર જીજી દ્રૂ - ૦૦૫૦
વિષય - પતંગોત્સવ મનાવીએ.
પ્રકાર - પદ્ય
લેખિકા - રાગીની શુક્લ "રાગ"
......................................
પાવન પર્વ ઉતરાણનું લાગે ગગન પ્યારું મને ..!
કિન્ના બાંધી પતંગ ઉડાવવા આજ દો ..!
દઉં થોડી ઢીલ ખેચી તાણી કરે નાચે પતંગ...!
પોતિકા પતંગ બીજા સાથે પેચ દાવ લગાવે...!

મારી નવરંગી પતંગને લાંબી પૂંછડી લગાવું ..!
કેવું ઠમક ઠમક નાચે સૌ સંગ...! આપણી જિંદગી પણ કંઈક આવી જ ..!
દોર એની ક્યાંથી ક્યાંય મળે...!

ચગ્યો જાય જિંદગીનો દોર...!
આશા છે ઉંચી આભને આંબવાની...!
પંખી ,પ્રેમને પતંગ સંગ માનવની સરહદ ના રોકી શકાય..!
બધાં ચાર ભાગમાં વેચાય...!

એક પતંગ ચગાવે...!
બીજો ફિરકી પકડે ...!
ત્રીજો કપાયેલી પતંગ પાછળ દોડે ...!
ચોથો એ..એ.. કાયપો છે રાડો પાડે ..!

માનવજીવનમાં આચાર સંહિતા થોડો આનંદ લુટે..!
ઉત્સવને સમજી ને ઉજવાય...! સંસ્કૃતિ નો અર્થ સમ્યક કૃતિ કહે..!
બધા સંગ રાખવા જરૂરી છે..!

એ જીવનનું સાચું ઓષઘ છે...! ઉમદા મનુ સંઘ કરવો એ ઉત્તરાયણ સંક્રાંતિ ઉત્સવ...!
સંઘ ક્રાંતિ સંગમાં વિશિષ્ટ શક્તિ...!
ચલો પતંગોત્સવ મનાવીએ..!

દિલની બાંધી કિન્ના જેના તૂટે કદી...!
ભેળા મળી ઊંધિયું ,જલેબી ખાઈએ...!
કરી દાન પુણ્યનો લૂંટીએ લ્હાવો...!

રાગીની શુક્લ રાગ..મુંબઈ .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રૂર જીજી દ્રૂ૦:૧૭૨
પ્રકાર : ગદ્ય
વિષય : ઉત્તરાયણ
શીર્ષક : ઉત્તરાયણનું પર્વ એ મજાનું પર્વ

દર વર્ષની ૧૪ જાન્યુઆરી એટલે ઉત્તરાયણનું પર્વ.તેને મકરસંક્રાતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.ઉત્તરાયણનું પર્વ એટલે સૂર્યનમસ્કાર,સૂર્યપૂજન અને દાનપુણ્યનું પર્વ.સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ એટલે મકરસંક્રાતિનું પર્વ..

આગળના દિવસે મોટાભાગના ઘરે બાજરી,જુવાર,મગ રાતે પલાળીને સવારે એને બાફીને એમાં ગોળ નાખીને એની ખીચડી બનાવે છે અને સવારે ગાય વાછરડાને ખવડાવવા જાય છે.રસ્તા પર આવતા જતા લોકો ગાયને લીલું ખાસ પણ ખવડાવીને પુણ્ય પ્રાપ્ત કરે છે.

સવારથી જ ધાબા પર ચડીને પતંગ અને ફિરકી લઈને ઠંડા ઠંડા પવનમાં પતંગ ચગાવાનો અને
આભાર - નિહારીકા રવિયા જોડે જોડે વાગતા ગીતો અને એની જોડે તાલ મેળવીને ઠુમકા લગાવવાના અને પેચ પણ લગાડવાના ને જોર જોરથી બૂમો પડવાની કેવી મજા આવે નઈ..

પતંગ ચગાવવાની વચ્ચે વચ્ચે સીંગદાણાની ચીક્કી,તલના લાડુ,મમરાના લાડુ,શેરડીનો અલ્પઆહાર લેવાનો પછી બપોરે ગરમા ગરમ ઉંધીયું,પૂરી ને રસઝરતી જલેબીનું જમણ લેવાનું મજા ને મજા..

જમીને થોડો આરામ કરીને પાછા ધાબા પર ધમાચકડી મચાવાની ને ઉત્તરાયણમાં બપોર પછીનો માહોલ જ સૌથી મજા કરાવતો હોય છે.બપોર પછી પવન પણ ધીમે ધીમે પોતાની ફરજ પરથી પાછો ફરતો હોય છે એટલે પતંગ ચગાવા માટે મહેનત પણ વધારે કરવી પડતી હોય છે.ઘરના તમામ સભ્ય બપોર પછી ધાબા પર હોય છે અને ગોળ કુંડાળું કરીને બેસવાનું,અવનવી વાતો કરવાની ને ફોટોગ્રાફી સેશનનું આયોજનની મજા પણ અનેરી હોય છે.

જરાક સૂરજ અસ્ત થવાની તૈયારી હોય ત્યારથી ફટાકડા ફોડવા વાળા લોકોની આતુરતાનો અંત આવતો હોય છે.ચારેબાજુ થતી આકાશમાં આતશબાજી ને રંગબેરંગી લાગતું આકાશ જોઈને કેટલો આનંદ આવતો હોય છે.પછી ગુજરાતીની પહેલી ઓળખ ને કેમ ભુલાય આપણા પ્રિય ગરબાની રમઝટ ધાબા પર બોલાવવાની ને જોર જોરથી બૂમો પાડવાની ને દરેક પ્રકારના ગરબાના રાઉન્ડ લીધા બાદ ખુલ્લા આકાશની નીચે આછા પાતળા અજવાળામાં રાતનું વાળું માણવાનું કેવી મજા આવે!!
ને થોડો થાક ઉતારીને ધાબા પરનો બધો સામાન યાદ કરીને નીચે લઈને ઉતરી જવાનું ઘણી બધી યાદો લઈને..

ઉત્તરાયણનું પર્વ એટલે સૂરજદાદાના ઉપાસનાનું અને તેમની પૂજનનું પર્વ.આનંદ અને ઉલ્લાસનું પર્વ,ધાબા પર સ્વજનો ભેગા મળીને મજા કરવાનું પર્વ..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રૂર જીજી દ્રૂ ૧૪૯
વિષય મકરસંક્રાંતિ
પ્રકાર પદ્ય (ગઝલ)
શીર્ષક ચગાવી પતંગ આભમાં
શબ્દો ૮૦
નામ પલ્લવી જોષી.સરિતા

ચગાવી મેં પતંગો આભમાં જોને હવે,
ઉડાનો એ ભરાવે આભમાં જોને હવે.

તું પેચો તો લડાવે આભમાં જોને હવે,
તું દોરી તો લંબાવે આભમાં જોને હવે.

બેસે તો ઉઠાવે આભમાં જોને હવે,
તું દોરી તો ખેંચાવે આભમાં જોને હવે.

ને થોડો ગૂચાવે આભમાં જોને હવે,
ને થોડો તો વીટાવે આભમાં જોને હવે.

હું ઊડુ તો ઉડાવે આભમાં જોને હવે,
ને કાપુ તો કપાવે આભમાં જોને હવે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

દ્રૂર.જીજી.દ્રૂ:- ૦૦૮૮
વિષય:- મકરસંક્રાંતિ
પ્રકાર:- ગદ્ય..શબ્દ:- ૩૪૫
શીર્ષક:- ચાંદની તું આવીશ ને!
લેખિકા નામ:- ડૉ. મનીષા વ્યાસ

પોષનો ઠંડોગાર હેમાળો શિયાળો જતાં -જતાં અટકચાળા કરી લેવાના આખરી મિજાજમાં હોય ત્યારે ગોચરમાં સૂરજદાદાનું ધન રાશિમાંથી નીકળીને મકર રાશિમાં શુભમંગલ પ્રસ્થાન જે ધાર્મિકતા સાથે આનંદપ્રમોદનો તહેવાર એટલે ઉત્તરાયણ કે મકરસંક્રાંતિ.

યુવા અને અબાલવૃદ્ધનો આ અતિપ્રિય તહેવાર હોવાથી સૌ પોતાના આગવા મિજાજ ને મોજમાં ખૂબ ઊંચે આકાશમાં દોરી - પતંગ સંગ ભરપૂર માંજમાં આંદોલિત વિહરતા હોય.

ધાબું ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ માટે સર્વસ્વ બની રહે. પતંગોથી આકાશ અને યુવાઓથી ધાબાં સજીધજીને બેહદ રંગીન ખુશમિજાજી બનાવી દે. ધાબે બેહદ સુંદર ધાબાપરીઓ હોય ત્યારે નવરંગી પતંગોથી મઢ્યું વિશાળ આકાશ પ્રેમદિવાનાઓને જાણે મઘમઘતાં ફૂલોની સ્વપ્નનગરી જેવું રોમાંચિત જ લાગે ને!

ત્રીસેક વર્ષ પહેલાંની ઉત્તરાયણ પણ આવી જ ભવ્ય ઉજવાતી. એમાંય જેની સુંદરતાના એ સમયે સિકકા પડતા એ સુંદરીનું ધાબે આગમન થતાં જ ઉન્માદી યુવાદિલ ભ્રમરોની રસપિપાસા વધતાં લોલુપ બની પોતાના પતંગબાજ યુદ્ધ કૌશલ્યથી પ્રભાવિત કરવા પતંગકાપ હરિફાઈ કરી પેલી ધાબા સુંદરીનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન પૂરજોશમાં થાય. પેલીનાં નખરાં પણ વધે..

આહા! કેવો ઠઠારો એનો. આરસમાંથી કંડારાયેલી સોળવર્ષની સુંદર સ્વર્ગની અપ્સરા જેવી ઘાટીલી શ્વેત દેહાકૃતિ. ઉત્તરાયણના દિવસે વર્ષોથી હંમેશાં એ સફેદ મલમલી સુંવાળાં સિલ્કનાં કપડાં પહેરે. સાથે નિતંબ સુધી કાળાભમ્મર લાંબા છૂટા વાળમાં લીલાંપાન સાથેનો બટમોગરાનો ગુચ્છો ભરાવે. એ હસતી ત્યારે લાલચટ્ટક સુંદર હોંઠોમાંથી દીસતી દંતાવલી જોઈ; ભલા પાણી પાણી કેમ ના થવાય! એની કાજળમઢી આંખોની મારક અદાના સૌ દિવાના.

એમાંય જ્યારે..
ચાંદની ફિલ્મનું ગીત ★રંગ ભરે બાદલ સે.. તેરે નૈનો કે કાજલ સે મૈંને ઈસ દિલ પે લીખ દિયા.. તેરા નામ ચાંદની.. ઓ મેરી ચાંદની★ લાઉડસ્પીકર પર વાગતું ને એની સાથે ઊંચા અવાજે ગાઈને જ્યારે તે લટકા કરે.. તે જોઈ યુવાનોના મોઢામાંથી આહ્! નીકળી જ જતી.. જાણે સાક્ષાત્ મોહિની ચાંદની સ્વરૂપે સૂર્યસ્નાન ના કરી રહી હોય!

આમ વર્ષો સુધી ધાબાનો રંગીન માહોલ જામતો ને સૌ ઉત્તરાયણની આતુરતાથી રાહ જોતાં..

એ વર્ષે પણ ઉત્તરાયણે ધાબે ચઢીને સૌ હરસાલની જેમ દિવસભર એની રાહ જોતાં રહ્યાં.. પણ સૌનાં ધડકનની સ્વપ્ન સુંદરી આજે ક્યાં? ક્યારે એના ઝળહળતા ચહેરાની ઝાંખી કરી દિલને ટાઢક થાય? પણ હાય રે કિસ્મત! છેલ્લા દસ વર્ષથી એ ક્યારેય ના દેખાણી.. આજેય એ સૂમસામ ધાબે મીટ મંડાઈ જ જાય છે.. અરે! ચાંદની તું ક્યાં છે? ક્યારેક તો આવીશ ને? અમારા સૌનાં વેરાન થતાં હૈયાધાબાઓને રંગીન કરવા..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

★દ્રૂર જીજી દ્રૂ. : ૦૧૪૧★
★વિષય : "ઉત્તરાયણ"★
★શીર્ષક : "ઉમંગ ઉત્તરાણનો"★
★પ્રકાર : ગદ્ય - લેખ (વાર્તા)★
★નામ : રસિકભાઈ વી પરમાર "રવ"★

પત્નીનો ફોન આવ્યો. ક્યાં છો?
મેં કહ્યું રોડ પર છું.
અને પેલા બંને?
મેં કહ્યું, મારી સાથે છે.
હું બે પૌત્રો ને લઈને સાયકલ પર ફરવા નીકળ્યો હતો.
તમને કોઈ ભાન-બાન છે જે નહિ?
આજે ઉત્તરાયણનો તહેવાર છે, સૌ પતંગ ઉડાવતા હશે ને તમે! બંનેને લઈને પાછા રોડ પર ગયા છો, એમ જવાય?
હું સાંભળી રહ્યો. છૂટકો નહોતો.

ઉત્તરાયણના દિવસો અને પતંગ ઉડાનારાઓનો જુસ્સો એણે જોયેલો, જાણેલો છે. સંતાનોની સલામતી અંગેની ચિંતા એને હોય એ સ્વાભાવિક છે. આજકાલ ઘાતક દોરીથી ગળા કપાઈ જવાના બનાવો ખુબ બને છે. લોકો પણ પતંગનો શોખ પૂરો કરવા માટે બીજું કંઈ જોતા નથી.

વાહન પર આપણે પૂરપાટ ઝડપે જતા હોઈએ અને ખ્યાલ પણ ન આવે તેમ કાતિલ દોરી ક્યારે ઘસરકો કરી જાય! કાચ અને સજ્જડ લૂગદીથી પાયેલી દોરી ખુબ મજબૂત હોય છે. ખેંચીને તોડવા જઈએ તો આપણા હાથમાં એ, એવી બેસી જાય કે, જાણે ચપ્પુની ધાર! સરરર કરતી ક્યારે હાથમાં ઉતરી જાય તેની લેશમાત્ર ખબર પડે નહિ.

વાતાવરણમાં કપાયેલા પતંગ સાથેની દોરી અથવા જેનો પતંગ કપાઈ ગયો છે અને તે વ્યક્તિ દોરીને પાછી ખેંચી રહ્યો હોય, પાછું પિલ્લુ વાળી રહ્યો હોય, તે સમયે દોરી ઝડપથી સરકતી હોય છે. પતંગ લુંટવાવાળા પણ કંઈ શાંતિથી લૂંટફાટ કરતા નથી. એમનું ધ્યાન તો ફક્ત પતંગ પર કેન્દ્રિત હોય છે. દોરીનો છેડો પકડ્યો અને ખેંચાખેંચ ચાલુ.

લુંટવાવાળા એકબીજાના હાથમાં પતંગ સરી ના જાય તે માટે ક્યારેક જાનનું જોખમ ખેડી લે છે. વીજળીના થાંભલા પર, કોઈના ધાબા પર, ઊંચા વૃક્ષ પર કે પછી કાંટાળી વાડામાં અને ખુલ્લા રોડ પર, તેઓ ઊંધું ઘાલીને, સલામતીની કોઈપણ ચિંતા કર્યા વિના દોડતા હોય છે.

હું બેઉને લઈને ફરવા નીકળ્યો હતો ત્યાં આપણા ગુજરાતના, અમદાવાદ, સુરત, ખંભાત કે નાના કોઈ ગામડાના જેવોય માહોલ હતો નહિ. આકાશમાં પતંગો નહોતી, ડીજે, લાઉડ સ્પીકરનો ઘોંઘાટ નહોતો. કાપ્યો, આવ્યો, લૂંટો, એ ગયો - જેવો શોરબકોર નહોતો. હું નાગપુર મહારાષ્ટ્ર ખાતે હતો.

આપણે પતંગની મજા માણીએ એમાં કોઈ ખોટું નથી. પતંગ ઉડાડવાનો, એકબીજાની પતંગ કાપવાનો, લંગસિયા નાખવાનો, લપેટ લેવાનો, શોખ કે વૃત્તિ કંઈ ખોટી નથી પણ એવા શોખ કે વૃત્તિ થી કોઈને હાની થાય, નુકશાન થાય કે જીવ
આભાર - નિહારીકા રવિયા જોખમમાં મૂકાય તેનો ખ્યાલ રાખવો જોઈએ. આપણી બેદરકારીથી કોઈનું મૃત્યુ થાય તે શું વ્યાજબી છે?

# દંડકારણ્ય થી અયોધ્યા સુધી ગુંજયો શ્રી રામ નામ નો જયઘોષ



આહવા:ડાંગ

રાષ્ટ્ર દેવો ભવ‘ ના મંત્ર સાથે પોતાનો કર્મયોગ કરી રહેલા સેવાભાવી સનાતનિઓને આવકારી મહામંડલેશ્વર શ્રી જનાર્દન હરીજી એ, માં શબરીના વંશજોને પ્રભુ ભક્તિનો પરિચય આપવાનો ન હોય તેમ જણાવી, મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જીવન પ્રસંગોમાંથી પ્રેરણા મેળવી, અમૂલ્ય માનવ જન્મને સાર્થક કરવાની અપીલ કરી હતી.

પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં મહામંડલેશ્વર શ્રી જનાર્દન હરીજી એ, પ્રભુ શ્રી રામ અને માતા શબરીના પ્રસંગમાં વર્ણિત ભાવ અને પ્રેમના આવિર્ભાવને સમજવાની અપીલ કરતા ‘સબ સે ઊંચી પ્રેમ સગાઈ‘ ની મહિમા વર્ણવી હતી. ઊંચ નીચ, જાત પાત, ધર્મ અધર્મનો છેદ ઉડાડતા શબરી મિલનના પ્રસંગની ગહન વાતોને સરળ શબ્દોમાં વર્ણવતા મહામંડલેશ્વરશ્રીએ, સનાતન હિન્દૂ સંસ્કૃતિ અનુસાર પ્રકૃતિ અને સંસ્કૃતિના જતન સંવર્ધન માટે, પ્રતિ વર્ષ આ પવિત્ર ભૂમિમાં રામ-શબરી મિલન ઉજવવાની અપીલ કરી હતી.

તેમણે સનાતન સંસ્કૃતિમાં શ્રદ્ધા રાખતા આદિજાતિ સમાજને સંકલ્પબદ્ધ થઈ, સનાતન હિન્દૂ સંસ્કૃતિના જતન માટે રામની ખિસકોલી બની સૌને પોતાની ક્ષમતા અનુસાર યોગદાન આપવાનું આહવાન કર્યું હતું.

શબરી ધામના સ્વામી શ્રી અસીમાનંદજીએ મહારાષ્ટ્રથી પધારેલા ભાવિક ભક્તોનું વિશેષ અભિવાદન કરતા, દેશભરમાં ગુંજી ઉઠેલા પ્રભુ શ્રી રામ નામનો મહિમા વર્ણવી, દંડકારણ્યથી અયોધ્યા સુધી જાગેલા ભક્તિના ભાવમાં, ડાંગના માં શબરીના વંશજો પણ ભક્તિ અને શ્રદ્ધા અર્પણ કરી રહ્યા છે તેમ જણાવ્યું હતું.દરમિયાન જનજાતિ સમાજમાં વ્યાપ્ત સનાતન હિન્દૂ સંસ્કૃતિના જતન સંવર્ધન સાથે આદિવાસી સમાજમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરતા સેવાભાવી શ્રેષ્ઠીઓને, ફૂલ નહિ તો ફૂલની પાંખડી સમાન દાન પુણ્ય કરી, મકરસંક્રાંતિના પર્વની ઉજવણી કરવાની અપીલ પ્રયોશા પ્રતિષ્ઠાનના શ્રી પી.પી.સ્વામીજીએ કરી હતી.માં શબરીના વંશજોનું વંદન અભિનંદન કરતા રાજયના આદિજાતિ મંત્રી શ્રી કુબેરભાઈ ડીડોરે દંડકારણ્યની પાવન ભૂમિની અસ્મિતા અને વિરાસત તથા અહીંની સનાતન સંસ્કૃતિની ક્ષમતાનો પરિચય આપી, અનેક આક્રંતાઓએ સનાતન હિન્દૂ સંસ્કૃતિને તહસનહસ કરવાની નાપાક કોશિશ કરી, તેમ છતાં સનાતન સંસ્કૃતિ તેના ‘વસૂદૈવ કુટુંબકમ‘ ના સિદ્ધાંત સાથે ટકી રહી છે તેમ જણાવ્યું હતું.

રામાયણ જેવા મહાકાવ્યની રચના સહિત સમગ્ર રામકથામાં આદિવાસી સમાજના યોગદાનનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ શબરી ધામ અને પંપા સરોવરનું મહત્વ વર્ણવ્યું હતું. પ્રભુ શ્રી રામ-શબરી મિલનની ગાથા વર્ણવતા મંત્રીશ્રીએ રામાયણ, મહાભારત જેવા મહાકાવ્યો સહિત પુરાણોમાં વર્ણિત આદિવાસી પાત્રોની ક્ષમતાનો પરિચય આપ્યો હતો.આદિવાસી સમાજને હજારો વર્ષોની પરંપરા મુજબ સમાજની મુખ્ય ધારામાં લાવવા માટે અનેકવિધ પગલાંઓ રાજય અને કેન્દ્ર સરકાર લઈ રહી છે, ત્યારે આદિવાસી સમાજને યેનકેન પ્રકારે ગુમરાહ કરતા તત્વો સામે સૌને એકજુટ થઈને આહલેક જગાવવાનું પણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીડોરે આહવાન કર્યું હતું.ગુજરાત અને દંડકારણ્યની પાવન ભૂમિના ગુણગાન કરતા ડાંગના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિએ, માં શબરીના જીવન પ્રસંગોનો ઉલ્લેખ કરી, આદિવાસી સમાજની શ્રદ્ધા ભક્તિની ક્ષમતાનો પરિચય માતા શબરીએ પૂરો પાડ્યો છે તેમ જણાવ્યું હતું. પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં મંત્રી શ્રી હળપતિએ આદિવાસી સમાજનું ત્યારે પણ, અને આજે પણ એટલું જ માન સન્માન સમાજ અને સરકારે જાળવ્યું છે તેમ ઉમેર્યું હતું.

સાંસદશ્રી ડો.કે.સી.પટેલે ભારત સરકારના કલ્યાણકારી પગલાઓનો ઉલ્લેખ કરી, અયોધ્યા સાથે ડાંગના અતૂટ નાતા ની ગાથા રજૂ કરી હતી.ડાંગના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે, તેમના પ્રાસંગિક વક્તવ્ય દરમિયાન આદિવાસી સમાજની સંસ્કૃતિમાં જ ‘રામ‘ વણાયેલા છે, ત્યારે સનાતન સંસ્કૃતિમાં માનનારા આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરનારાઓની ભ્રામક વાતોમાં ન દોરવાતા, સનાતન સંસ્કૃતિના જતન સંવર્ધન માટે સૌ શબરી માતાના વંશજોને અપીલ કરી હતી.દરમિયાન રાજય સરકારના પૂર્વ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે શબરી ધામ અને તેના માહાત્મ્યની રૂપરેખા આપી, આદિવાસી સમાજની શ્રદ્ધા ભક્તિનો પરિચય આપ્યો હતો. આ સાથે પંપા સરોવર થી શબરીધામ યોજાયેલ સુધી યોજાયેલ શોભાયાત્રામા પણ મહાનુભાવો જોડાયા હતા.

શબરીધામ ખાતે યોજાયેલા ‘શ્રી રામ-શબરી મિલન સમારોહ‘માં મહારાષ્ટ્રથી હજારો ભાવિક ભક્તો સાથે કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ જ પધારી ચૂકેલા મહામંડલેશ્વર સ્વામી શ્રી જનાર્દન હરી મહારાજ, શ્રી યોગી દત્તનાથ, સ્વામી શ્રી અસીમાનંદજી, શ્રી પી.પી.સ્વામીજી, કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીડોર, પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, વલસાડ-ડાંગના સાંસદશ્રી ડો.કે.સી.પટેલ, વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, ગણદેવી ધારાસભ્ય વ પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઇન, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સુરેશભાઈ ચૌધરી, સુબિર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી રવીનાબેન ગાવિત, વાસુર્ણાના રાજવી શ્રી ધનરાજસિંહ સુર્યવંશી, શબરી ધામ મંદિરના ટ્રસ્ટીઓ, ડાંગ ભાજપ સંગઠન પ્રમુખ શ્રી રાજેશભાઈ દેસાઈ, ડાંગ ભાજપ પાર્ટીપ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, ભાજપ મહામંત્રી શ્રી હરિરામભાઈ સાવંત, શ્રી દિનેશભાઈ ભોયે સહિતના પદાધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## સિધ્ધપુર ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે પવિત્ર મંદિરોની સ્વયં સફાઈ કરી. અરવડેશ્વર મહાદેવ મંદિરની શિખર પ્રતિષ્ઠામાં ૧૨.૩૯ લાખનુ અનુદાન પણ આપ્યું



અયોધ્યા ખાતે ૨૨ મી જાન્યુઆરીના રોજ ભવ્ય રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને અનુલક્ષીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતના તમામ મંદિરોની સફાઈ કરવાનું આહવાન કરેલ જેને સમર્થન આપવાના ભાગરૂપે સિદ્ધપુરના ધારાસભ્ય અને રાજયના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ભાજપના આગેવાનો અને કાર્યકરો સાથે સિદ્ધપુર બાવાજીની વાડી ખાતે સિદ્ધનાથ મહાદેવ મંદિર પરિસરમાં અને સંત તપસ્વી દેવશંકર ગુરુ મહારાજના અરવડેશ્વર સ્થિત આશ્રમ પરિસરની સફાઈ કરી હતી ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીજીએ મહારાષ્ટ્રના નાસિક પંચવટી કાલા રામ મંદિર ખાતે સ્વયં સફાઈ કરીને આ અભિયાનની શરૂઆત કરાવી હતી આથી ભાજપે ૧૪ થી ૨૧ જાન્યુઆરી સુધી તમામ મંદિરોની સફાઈ કરવાનું અભિયાન ચલાવેલ છે. અરવડેશ્વર મહાદેવ ખાતે શિખર પ્રતિષ્ઠા મહોત્સવ અને ૧૧ કુંડી મહાયજ્ઞ- રુદ્ર શાંતિ યાગનું આયોજન મહાવદ એકાદશી બુધવાર તારીખ ૦૬/૦૩/૨૦૨૪ થી મહા વદ અમાવસ્યા તારીખ ૧૦/૦૩/૨૦૨૪ રવિવાર સુધી કરવામાં આવેલ છે વિક્રમ ગુરુ મહારાજના જણાવ્યા મુજબ યજ્ઞમાં કાળા તલથી એક કરોડ આહુતિ આપવામાં આવશે તેમજ પૂર્ણાહુતિના દિવસે સમગ્ર સિદ્ધપુર શહેરનો સામુહિક ભોજન સમારંભ યોજાશે

આ ધાર્મિક યાગને ધ્યાને રાખી કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉત્તરાયણના પવિત્ર દિવસે અરવડેશ્વર મહાદેવ ખાતે બપોરે ૧૨.૩૯ કલાકે રુ.૧૨,૩૯૦૦૦/- દાનની જાહેરાત કરી અન્ય જરૂરી સહયોગ આપવાનું જણાવ્યું હતું




શ્રી જય અંબે પરિવાર ગાંધીનગરના ૭૨ યાત્રીઓએ વૈષ્ણોદેવી – હરિદ્વારની યાત્રા માટે બે બસમાં ગાંધીનગરથી વડોદરા જવા પ્રયાણ કર્યું. શ્રી વૈષ્ણોદેવી યાત્રા સેવા ટ્રસ્ટ, સુરત દ્વારા સુરતથી ૧૫૦૦ યાત્રીઓની એક સ્પેશિયલ ટ્રેઈન આ યાત્રા માટે જાય છે. તેમાં ગાંધીનગરના યાત્રીઓ વડોદરા રેલ્વે સ્ટેશનથી જોડાશે.

## ગાંધીનગર માં ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાયણની ઉજવણી

ઉત્તરાયણની ઉજવણી દર વર્ષે ૧૪ મી જાન્યુઆરી એ કરવામાં આવેછે પરંતુ ગાંધીનગર માં કિશોર ઈન્સ્ટિટયૂટ ના વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ ૧૩ મી જાન્યુઆરી એ ઉત્તારાયણની ઉજવણી પતંગ મહોત્સવ દ્વારા કરે છે. આ દિવસે ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વિશાળ ધાબા ઉપર એકઠા થઈ પતંગ ઉડાડી આનંદ માણે છે તેમજ ચીકી, લાડુ, તલની માતર વગેરે આરોગી આનંદ માણ્યો હતો. પતંગોત્સવ પ્રસંગે સંસ્થાના સંચાલકો, શિક્ષકો તેમજ કર્મચારીઓ પણ જોડાયા હતા.આ પ્રસંગે સંચાલક ડોક્ટર અજયરાજસિંહ રાજપૂતએ જીવદયા ને ધ્યાન માં રાખી, જાહેરાત કરી હતી કે ગૂંચળાદોરી એક કિલો ના રૂ ૧૦૦ ના ભાવે ૨૦ મી જાન્યુઆરી સુધી ખરીદવામાં આવશે. તેમજ પક્ષીઓ ને ઈજા થઇ હોય તો તેમને બચાવ માટે જાહેર કરાયેલા મો. નબરો નો ઉપયોગ કરવા સૂચવ્યું હતું



## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દિયોદર ખાતેથી સહકારી ક્ષેત્રના વિવિધ પ્રકલ્પોનું ખાતમુર્હત અને લોકાર્પણ કર્યું




દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારી ક્ષેત્રને સશકત, સક્ષમ અને સ્વાવલંબી બનાવવા આપેલી ×સહકારથી સમૃદ્ધિ× ની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદેશ્ય સાથે બનાસ ડેરી, દિયોદર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પશુપાલકો અને ખેડૂતોના કલ્યાણ અર્થે હાથ ધરાયેલા પાયલોટ પ્રોજેક્ટ તથા સહકારી સંસ્થાઓના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભીલડી ખાતે રૂ. ૩૨૪.૭૭ કરોડના નિર્મિત થનાર બનાસ બોવાઇન એન્ડ બ્રિડ રિસર્ચ સેન્ટર(મ્મ્મ્ઇઞ)નું ખાતમુહૂર્ત, બાદરપુરા ખાતે રૂ. ૪૫ કરોડના ખર્ચે પ્રતિદિવસની ૫૦ મેટ્રિક ટન ક્ષમતાના નવનિર્મિત અલ્ટ્રા મોર્ડન આટા પ્લાન્ટ અને પાલનપુર ખાતે ૧૦,૦૦૦ કે.જી પ્રતિ કલાકની ક્ષમતા ધરાવતા નવનિર્મિત બનાસ વ્હે પ્રોટીન અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટનું લોકાર્પણ તેમજ પાલનપુર ખાતે નિર્માણ પામનાર બનાસ બેન્ક નવીન ઓડિટોરિયમ હોલ અને ખેડૂત ટ્રેનિંગ સેન્ટરનું ઇ- ખાતમુહૂર્ત તથા બનાસ ડેરીના સંજીવની ખાતર પ્રોડક્ટ, બનાસ ઓર્ગેનિક ખાતર પ્રયોગશાળા અને અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટ સહિત બનાસ બેંક માઈક્રો છ્રસ અને કિશાન ક્રેડીટ કાર્ડ તથા ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંક. લી. ના બનાસકાંઠા અને પંચ મહાલ જિલ્લાના પાયલોટ પ્રોજેક્ટનો શુભારંભ કરાવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે મહિલા પશુપાલકોને રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ્સનું વિતરણ પણ કરાયું હતું.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં સહકારથી સમૃદ્ધિ સૂત્રને સાર્થક કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત અને વેગવંતુ બનાવવા માટે સહકાર ક્ષેત્ર પર વિશેષ ભાર મુક્યો છે. દેશમાં આઝાદી પછી પહેલીવાર સહકાર મંત્રાલયની રચના કરી તેનું સુકાન ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહને સોંપ્યું છે.સહકારી ક્ષેત્ર ગ્રામીણ અર્થતંત્રને સુગ્રથિત કરવાનો ઉત્તમ માર્ગ છે. સહકારી ક્ષેત્ર તેના પરંપરાગત વ્યવસાયથી આગળ નીકળે એ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રીફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મનો નવતર અભિગમ અપનાવ્યો છે, તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરી દ્વારા સૌ સહકારી ક્ષેત્રનો ઉત્સવ ઉજવવા ભેગા થયા છીએ એમ જણાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સહકારીક્ષેત્રમાં અનેકવિધ નીતિવિષયક નિર્ણયોના લીધે ભવિષ્યમાં આ ક્ષેત્ર દેશને વિશ્વની ત્રીજી ઈકોનોમી બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સહકારી મંડળીઓ (પેક્સ) દ્વારા જન જન સુધી વિવિધ સેવાઓનો લાભ પહોંચાડવાના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિચારને મૂર્તિમંત કરવાનું કામ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં થતાં અનેક લોકોને લાભ થયો છે.બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પેક્સ અને બેન્ક મિત્રની સેવાનો લાભ આપવાની શરૂઆત થઈ છે. આગામી સમયમાં પેક્સ-સહકારી મંડળીઓ સહકારી કચેરીઓ બનશે જે સમગ્ર દેશના સહકારી ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવશે, તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ઉત્તર ગુજરાત અને બનાસકાંઠા જિલ્લાનો સહકારી ક્ષેત્રના વિકાસમાં બહુ મૂલ્ય ફાળો છે. બનાસ ડેરી અને બનાસ બેન્ક દ્વારા થનારા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો ભવિષ્યમાં સમગ્ર દેશ માટે દિશાસૂચક બનશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી વિશ્વાસનું વળતર વિકાસથી આપવા માટે પ્રતિબદ્ધ છે ત્યારે રાજ્ય સરકાર પણ સહકારથી સમૃદ્ધિના માર્ગ પર આપ સૌની સાથે છે તેવો વિશ્વાસ આપતાં ભારતને અમૃતમય ભારત બનાવવા સૌને આહવાન કર્યું હતું.આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે આજનો દિવસ બનાસનાં ઈતિહાસનો સુવર્ણ દિવસ છે. આજે દેશની મહત્વની સહકારીતા યોજનાઓનો શુભારંભ બનાસની ધરતી પરથી થયો છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શનમાં સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહના નતૃત્વમાં આજે દેશના સહકારીતા વિભાગને પ્રગતિના પંથે લઈ જઈ રહ્યા છે. જેનો સૌથી વધુ લાભ બનાસને મળી રહ્યો છે. આજે કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓ થકી આપણી સમૃદ્ધિ વધી છે.રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ વિશેષ આભાર માનતા જણાવ્યું હતું કે આજે પશુપાલકોને વધુ ભાવફેર મળે છે તેનો શ્રેય મુખ્યમંત્રીશ્રીને જાય છે. દૂધના પાઉડરમાં તેમણે આપેલી સબસીડીથી ગુજરાતની તમામ ડેરીઓનું આર્થિક ભારણ ઘટયું છે. આજે ક્રેડિટ કાર્ડથી વગર વ્યાજે રૂપિયા ૫૦ હજાર પશુપાલકોને મળશે. જે બનાસના પશુપાલકો માટે વિશેષ ભેટ છે. જેની ગેરંટી આપણી બનાસ ડેરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહકાર થકી ભીલડી ખાતે પશુ સંવર્ધન માટે સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આપણી દેશી ગાયનું સંવર્ધન થતાં દેશી ગાય પણ ૨૫ લીટર થી વધુ દૂધ આપતી થશે. જેથી દૂધક્ષેત્રે બનાસમાં મોટી ક્રાંતિ આવશે.

ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આ પ્રસંગે જણાવ્યું હતું કે આજે જિલ્લામાં વિવિધ પ્રોજેક્ટોનું ઉદઘાટન થઈ રહ્યું છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના અનેક લોકોને ખૂબ મોટો લાભ થશે. ગુજરાત અને દેશના અનેક રાજ્યો સહકારથી જ સમૃદ્ધ થયા છે. બનાસકાંઠા જિલ્લાને જોઈ અન્ય જિલ્લાઓને પણ પ્રેરણા મળશે એમ જણાવતાં મંત્રીશ્રીએ કહ્યું કે આગામી પચ્ચીસ વર્ષમાં આપણે શું કરવું એનો રોડમેપ તૈયાર છે ત્યારે એમાં સહભાગી બનવા સૌને અનુરોધ કર્યો હતો.

સહકાર રાજયમંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં દેશભરમાં સહકારી ચળવળ મજબૂત થાય અને સહકાર ક્ષેત્ર આત્મનિર્ભર બને એ માટે કામ થઇ રહયુંછે. આજે ‘સહકાર થી સમૃદ્ધિ‘ નોસંકલ્પ સાકાર થઇ રહ્યોછે. સમગ્ર વિશ્વમાં બનાસ ડેરીની પશુપાલક બહેનો દૂધ પુરું પાડી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.